
કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૧] * આત્મધર્મ * [ અંક-૯ વર્ષ-૫૮ ] વીર સં. ૨૫૨૮ માર્ચ-૨૦૦૨



હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું.

—શ્રી પદ્મનંદિઆચાર્ય

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૩મો

# * મંગલ જન્મજયંતી-મહોત્સવ *

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે–આપણા પરમ–તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૩મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ–સાધનાતીર્થ શ્રી સોનગઢમાં વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારિઆ (હા. શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ–પરિવાર) તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી ૧૧૩મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૦-૫-૨૦૦૨, શુક્રવારથી તા. ૧૪-૫-૨૦૦૨, મંગળવાર–પાંચ દિવસ સુધી 'શ્રી સોલહકારણ-વિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ઓડિયો–ટેપપ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૧૦-૧૧-૧૨ ત્રણ દિવસ માટે યુવકમંડળ દ્વારા આયોજીત ધાર્મિક શિક્ષણ–શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ. જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરથી લાભાન્વિત થવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૬-૪-૨૦૦૨, શનિવારના દિવસે રાખવામાં આવી છે.)

*નિમંત્રક–*

*મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ--પરિવાર*

*સુરેન્દ્રનગર*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૭
[૬૯૯]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
January
A.D. 2002

# શુદ્ધાત્મ–અવલોકન जाण अलिंगग्गहणम् ।

(શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

(તા. ૧૮-૧-૭૮)

અવ્યક્તનો આ પહેલો બોલ ચાલે છે, સૂક્ષ્મ છે પણ સમજવા લાયક ચીજ છે. આ આત્મા અવ્યક્ત છે તે જ ઉપાદેય છે. અંતરમાં અવ્યક્ત જે શુદ્ધ સ્વરૂપ એકરૂપ અભેદ છે તે જ જીવ છે–આત્મા છે, તે આત્મા જ અંતરમાં ઉપાદેય છે, આદર કરવાલાયક છે, સમ્યગ્દૃષ્ટિને એ સિવાય બીજી કોઈ ચીજ આદર કરવાલાયક નથી. અવ્યક્ત વિશેષણ કહીને જીવનું તે વિશેષણ છે એમ કહે છે.

ગાથા જે કહી છે તેમાં जाण अव्वत्तं जीवम् એમ અહીં સંધિપૂર્વક સમજવું. ભગવાન કુંદકુંદાચાર્ય મહા સંત હતા, તેમને આત્માનાં પ્રચુર અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન હતું. તે મુનિ એમ કહે છે કે જીવને અમે અવ્યક્ત કહીએ છીએ. જીવ અવ્યક્ત છે તેમ જાણ. ભગવાન આત્માને અવ્યક્ત કહીને તેને જ જીવ કહ્યો છે, અવ્યક્ત કહીને તેને ઉપાદેય અને સૂક્ષ્મ કહ્યો છે. શ્રી જયસેનાચાર્યદેવે સંસ્કૃત ટીકામાં અવ્યક્ત નો અર્થ સૂક્ષ્મ કર્યો છે.

પુણ્યને પાપ, દયા-દાન વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર અનંત સિદ્ધભગવંતો, અનંત પંચપરમેષ્ઠી, અનંત નિગોદના જીવો–એ છ દ્રવ્યસ્વરૂપ જગત છે તે જ્ઞેય છે, જાણવાલાયક છે. શ્રી સમયસાર શાસ્ત્રની ૧૧મી ગાથામાં ભૂતાર્થ સત્યાર્થ કહ્યો છે તેને અહીં અવ્યક્ત કહેવામાં આવ્યો છે. જે ત્રિકાળી શુદ્ધ–ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે તેને ભૂતાર્થ–સત્ય કહ્યો તે જ આશ્રય કરવા લાયક છે. આ તો હજુ પ્રથમ સમ્યગ્દર્શનની

સૂક્ષ્મ વાત ચાલે છે. તે સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર, વ્રત એકડા વગરના મીંડા સમાન છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ જીવને કહે છે કે જીવ તું અવ્યક્ત છો તેને તું જાણ. જાણે છે તે પર્યાય છે પણ તે કોને જાણે છે?—કે અવ્યક્તને જાણે છે. આ જીવ છે તે શુદ્ધ ચિદ્ઘન, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત ઈશ્વરતા સ્વચ્છતા, અનંત કર્તૃત્વ, અનંત કર્મ-કાર્ય, અનંત સાધન—એવા અનંત અનંત ગુણનું એકરૂપ ધ્રુવસ્વરૂપ છે તે જીવ છે તેને અહીં અવ્યક્ત કહ્યો છે અને અહીં અજીવ—અધિકારમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તેને વ્યક્ત અને અજીવ કહ્યો, જ્ઞેય કહ્યો તથા તેને જાણવાવાળો—વ્યક્તને જાણવાવાળો અવ્યક્ત તેને જ્ઞાયક કહ્યો. આહાહા ! વાત ઘણી સૂક્ષ્મ છે. જિનેન્દ્રદેવ, તીર્થંકર પરમાત્મા, ત્રિલોકનાથ વીતરાગદેવની વાત ઘણી સૂક્ષ્મ છે. સર્વ શાસ્ત્રનો સાર—તાત્પર્ય તો વીતરાગતા છે, તો તે વીતરાગતા ક્યારે થાય?—કે પોતાની પૂર્ણ ધ્રુવ વસ્તુ છે તેનો આશ્રય લે અને પરનો—પર્યાયનો આશ્રય છોડી દે તો વીતરાગતા થાય છે અને તો ચારે અનુયોગમાં કહેવાનું તાત્પર્ય તે સમજ્યો છે. પ્રભુ ! તું અવ્યક્ત છો તેને જાણ !—તો તને વીતરાગતા ઉત્પન્ન થશે.

ભગવાન ! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી તું ભરચક ભર્યો છો તેની તને ખબર નથી. આચાર્યદેવને કરુણાનો વિકલ્પ આવ્યો છે, તેને તો તે જાણે છે, પણ આ જે ટીકા થાય છે તેને પણ તે પરજ્ઞેય તરીકે જાણે છે. શ્રી સમયસાર શાસ્ત્રની ૫ મી ગાથામાં કહ્યું છે કે ભગવાન મહાવીર પરમાત્મા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. વિજ્ઞાનઘન તે વસ્તુ છે ને નિમગ્ન વિશેષ મગ્ન હતા તે પર્યાય છે. વિજ્ઞાનઘનમાં નિમગ્ન એવા પરમાત્માથી માંડીને ગણધરદેવ અને અમારા ગુરુપર્યંત બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા—એમ શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે. આમ અરિહંતભગવાનની સાથે પોતાના ગુરુપર્યંત પરંપરા લગાડી દીધી છે. કોઈ કહે કે ભગવાન ! તમે તો પંચમકાળમાં થયા છો ને ! તમે તો ભગવાન પાસે પણ ગયા હતા અને તમારા ગુરુ તો ભગવાન પાસે પણ નહોતો ગયા; તમે તો છદ્મસ્થ છો તો આવી સૂક્ષ્મદશા કેવી રીતે જાણી લીધી?—તો કહે છે કે અમે અમારા ગુરુને જાણીએ છીએ ને તેમની પરંપરાને પણ બરાબર જાણીએ છીએ, તેઓ વિજ્ઞાનઘન, ચૈતન્યપિંડ, આનંદકંદ, અનાકુળ આનંદ, અકષાય શાંતિ, સ્વભાવનો રસકંદ એવા આત્મામાં નિમગ્ન—વિશેષ મગ્ન હતા. એવા ગુરુએ અમને ઉપકાર કરીને—મહેરબાની કરીને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો છે. છ દ્રવ્ય આદિનો ઉપદેશ આપ્યો છે પણ તેમાં શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એમ બતાવ્યું છે. શુદ્ધ ચૈતન્યઘન

છે તેમાં દૃષ્ટિ કરવાથી અમારી વર્તમાન પર્યાયમાં શુદ્ધ આનંદકંદની દશાનો ભાવ પ્રગટ થયો છે, પ્રચુર સ્વસંવેદનરૂપ અમારો નિજવૈભવ પ્રગટ થયો છે. અમે વિજ્ઞાનઘનમાં—એકલા જ્ઞાનમાં નહિ પણ વિજ્ઞાનમાં અને એકલી પર્યાયમાં નહિ પણ ઘનમાં—નિમગ્ન છીએ, અને તેનાથી અમારો જિનવૈભવ પ્રગટ થયો છે. નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે તે અમારો નિજવૈભવ નથી અને તેમાં અમે મગ્ન નથી.

અહીં કહે છે કે જીવ જે છે તે અવ્યક્ત છે. અમારો જીવ છે તેની અપેક્ષાએ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે આ જીવ નથી તેથી તે અપેક્ષાએ બધા અજીવ છે. દરેક આત્મા પોતાની અપેક્ષાથી છે અને પરની અપેક્ષાથી નથી; અને પર પરની અપેક્ષાથી છે અને આની અપેક્ષાથી નથી. હે જીવ ! છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે તેનાથી તું ભિન્ન છો, અને તે છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે વ્યક્ત છે, બાહ્ય છે, પ્રગટ છે અને તું અંતરમાં સૂક્ષ્મ છો, અવ્યક્ત છો તેને તું જાણ. જાણવું તે પર્યાય છે. દરેકમાં જાણ એમ કહ્યું છે. अरसं जाण, अरूवं जाण, अव्यक्तं जाण, अनिर्दिष्ट जाण. તારો આત્મા જ્યારે અવ્યક્ત છે, બાહ્યમાં નથી તો તે હિસાબે સર્વજ્ઞ ભગવાન ને પંચપરમેષ્ઠી આદિ બધા બાહ્ય વ્યક્ત છે, જ્ઞેય છે, તેનાથી જીવ અન્ય છે તેને તું ઉપાદેય જાણ અને એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. જીવથી તે બધા અન્ય છે એમ કહેતાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા, દયા–દાનના ભાવ જે આવે છે તેનાથી જીવ ભિન્ન–અન્ય છે અને જીવથી એ બધા ભિન્ન છે. અહીં વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહેનારનો નિષેધ થઈ જાય છે, અને નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એનો પણ નિષેધ થઈ ગયો. નિમિત્ત અને વ્યવહાર તો જ્ઞેય અને વ્યક્ત છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે अव्वत्तं जीवम् जाण। અવ્યક્તનો અર્થ સંસ્કૃત ટીકામાં સૂક્ષ્મ કર્યો છે, આ બીજું બધું બાહ્ય સ્થૂળ છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, તેનાથી પણ ત્રિકાળી આત્મા સૂક્ષ્મ છે. શ્રી નિયમસારમાં પર્યાયને નિશ્ચયથી પરદ્રવ્ય કહી છે. આહાહા ! શું અદ્ભુત વાત આ ૪૯ ગાથામાં કહી છે. ભગવાનની વાણી અલૌકિક છે. આવી વાણી જિન વીતરાગ સિવાય–દિગંબર ધર્મ સિવાય ક્યાંય છે નહીં.

અહીં છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, તો દેવ–શાસ્ત્ર–ગુરુ પણ જ્ઞેયમાં આવી ગયા, મારાપણામાં આવ્યા નહીં. પંચપરમેષ્ઠી મારા ઇષ્ટ છે એમ અહીં આવ્યું નહીં. પંચપરમેષ્ઠી પણ આત્માને માટે બાહ્ય ચીજ છે, જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી જીવ અન્ય છે અને જીવથી તે અન્ય છે તેથી તે કારણે જીવ અવ્યક્ત છે અને ઉપાદેય છે. અંદરમાં છ દ્રવ્ય ને રાગાદિ વિકલ્પથી ભિન્ન પૂર્ણ શુદ્ધ અવ્યક્ત ભગવાન અતીન્દ્રિય આનંદથી

ને અતીન્દ્રિય જ્ઞાનથી ભરચક ભર્યો છે, અતીન્દ્રિય શાંતિથી ઠસોઠસ ભર્યો છે તે જ ઉપાદેય છે, તે જ જીવ છે, તે જ ધ્રુવ છે, તે જ એક દૃષ્ટિનો વિષય હોવાથી આદરવા લાયક છે.

આ તો ભગવત્સ્વરૂપ પરમાત્મા શું છે તેની કથા છે, આ ભાગવત કથા છે. અહીં ભગવાન કુંદકુંદાચાર્યે जाण કહીને આદેશ આપ્યો છે. પ્રભુ ! તું અવ્યક્ત જીવને જાણ ! એ જ ઉપાદેય છે, એ જ આત્મા છે અને તે જ અન્યથી ભિન્ન છે, અને તેને આદરણીય કરવાથી તારી પર્યાયમાં—અવસ્થામાં સમ્યગ્દર્શન-જ્ઞાન ને આનંદ થશે. આનું જ નામ ધર્મની શરૂઆત છે. આ વાત જે સામાન્યપણે કહી હતી તે હવે બીજા પાંચ બોલમાં વિશેષ કહે છે. પહેલાં જે કહ્યું કે 'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે'—તેમાં કષાય આવી જાય છે અને વ્યક્ત છે તે પણ આવી જાય છે પણ સામાન્યજન તેને સમજી શકે નહિ તેથી બીજા બોલમાં સ્પષ્ટપણે સમજાવે છેઃ—

## કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૨.

અહીં કષાયોનો સમૂહ કહેતાં એકલો કષાય નથી લીધો પણ સમૂહ લીધો છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિના જે ભાવ ઉત્પન્ન થાય એ અસંખ્ય પ્રકારના શુભકષાય અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના અસંખ્ય પ્રકારના પાપના અશુભકષાય, એ બધા મળીને કષાયોનો સમૂહ કહ્યો છે. કષ્=સંસાર, આય=લાભ. જેનાથી સંસારમાં રખડવાનો લાભ મળે તેને કષાય કહેવાય છે. અવ્યક્ત શુદ્ધ ઉપાદેય આત્માનો અનુભવ થઈને આનંદના સ્વાદમાં વીતરાગતા ઉગ્રપણે થાય, સમતાનો લાભ થાય તેનું નામ સામાયિક કહેવામાં આવે છે.

કર્મ છે તે ભાવક છે અને વિકારી કષાયસમૂહ તે ભાવકનું ભાવ્ય છે, તે આત્માનું ભાવ્ય નથી. ભલે દયાનો, દાનનો, વ્રતનો કે ભક્તિનો ભાવ હો તે બધા ભાવકના ભાવ છે, ભાવક કર્મ જે મોહ તેનો ભાવ છે. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૩૨ ને ૩૩માં ભાવ્ય-ભાવકની સ્પષ્ટતા આવી ગઈ છે. ત્યાં ભાવક તે મોહકર્મ છે અને તેને અનુસરીને થતો ભાવ્ય એટલે કે પોતાની પર્યાયનો વિકાર તે ભાવ્ય છે.

અહીં તો આચાર્યભગવાન સમુચ્ચય-ટૂંકમાં બધું સંકેલીને કહે છે કે તારી પર્યાયમાં જે પુણ્ય-પાપના અસંખ્ય પ્રકારના ભાવ છે તે ભાવકનું ભાવ્ય-ભાવકભાવ છે. ગાથા ૩૩માં તેને ભાવ્ય કહીને ત્યાં યોગ્યતા લીધી અને પછી તેનાથી પણ ભિન્ન બતાવ્યો

હતો. ગાથા ૩૧માં રાગાદિ મારા છે, ઇન્દ્રિયના વિષય મારા છે, ભગવાન મારા છે, ભગવાનની વાણી મારી છે—એ બધું ઇન્દ્રિયના વિષયો છે તેને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે, એમાં એક દ્રવ્યમાં બીજા દ્રવ્યને ભેળવવું તે સંકરદોષ છે—એવા સંકરદોષનું નિવારણ કર્યું. પછી ગાથા ૩૨માં ભાવકભાવ્યને જિત્યો તે ઉપશમશ્રેણીની વાત કરીને ૩૩માં ક્ષયની વાત કરી. ત્યાં ભાવકભાવ્ય લીધું છે. પર્યાયમાં વિકારની લાયકાત છે પણ ખરેખર દ્રવ્યસ્વભાવ વિકાર કરવાવાળો નથી. તેથી ત્યાં ભાવક–કર્મનું ભાવ્ય–યોગ્યતા પર્યાયમાં લઈને તેનાથી ભિન્ન કરવાનું કહ્યું. અહીં તો પહેલેથી ભાવકનો ભાવ છે એમ લીધું છે.

મહાવિદેહક્ષેત્રમાં ભગવાન પરમાત્મા જિનેન્દ્રદેવ શ્રી સીમંધરભગવાન ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં જે ફરમાવે છે તેમની વાણીનો સાર ત્યાંથી લાવીને ભગવાન કુંદકુંદાચાર્ય આપણને બતાવે છે. કષાયેનો સમૂહ કહીને એક જ કષાય છે—એમ નહીં પણ બધા વિકલ્પમાત્ર–જેમાં ગુણગુણીના ભેદનો વિકલ્પ ઊઠે તે પણ કષાયોના સમૂહમાં આવી જાય છે. દયા પાળવાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ–એ બધાં શુભરાગ તે બધાયે કષાયસમૂહમાં આવી જાય છે. કષાયોનો સમૂહ ભાવકભાવ છે, જેમાં કર્મ પરચીજ છે તે ભાવક કહેવાય છે; ભાવને કરવાવાળું કર્મ છે તેથી તેને ભાવક કહેવાય છે, તે જ્ઞાયકભાવ નથી.

ભગવાન આત્મા તો જ્ઞાયકભાવ છે, જ્ઞાયકનો–જ્ઞાન કરવાવાળાનો ભાવ તો જ્ઞાતાદૃષ્ટા જાણવું–દેખવું હોય. શુભ કે અશુભભાવ—ભગવાનનું સ્મરણ કરવું, પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું, પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું તે પણ રાગ ને કષાય છે. રાગના બે પ્રકાર છે : માયા અને લોભ, દ્વેષના બે પ્રકાર છે : ક્રોધ ને માન. મોહના બે પ્રકાર છેઃ દર્શનમોહ અને ચારિત્રમોહ, પણ એ બધાને મોહ કરીને, પુણ્ય ને પાપના બધા ભાવને કષાયોનો સમૂહ કહીને ભાવકભાવ–ભાવક મોહકર્મનો ભાવ છે એમ કહ્યું. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૧૩મા એ જ કહ્યું છે કે भूयत्थेणाभिगदा—એક જીવદ્રવ્યને પોતાની મેળે નવતત્ત્વરૂપ થવાનું થતું નથી પણ કરાવવાવાળું અજીવ–કર્મ એમ લીધું છે. તે રૂપે થવાની યોગ્યતા પોતાની છે પણ કરાવવાવાળામાં કર્મને ત્યાં લીધા છે. આસ્રવ એટલે થવાવાળી પર્યાય અને આસ્રવક એટલે કર્મ, કર્મનો ભાવ તે આસ્રવક છે. નીકળી જાય છે એટલે તેને પોતાની વસ્તુમાં ગણી નથી. અહીં તો અવ્યક્ત દ્રવ્યસ્વભાવનું વર્ણન છે તેથી અવ્યક્ત દ્રવ્યસ્વભાવમાં તે યોગ્યતા પણ નથી એમ કહ્યું છે. કષાયની ભાવ્યતા અને કર્મ તે ભાવક એવા નિમિત્તનૈમિત્તિક–સંબંધને

પણ અહીં લીધો નથી; પણ તેથી એમ ન સમજવું કે કર્મ વિકાર કરાવે છે. અહીં તો કર્મ અને કર્મના લક્ષે થતો વિકાર એ બધું વ્યક્ત કહેવામાં આવે છે અને ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે માટે અવ્યંક્ત છે.

અવ્યક્ત એકરૂપ ચિદાનંદ ધ્રુવસ્વરૂપ પરમાનંદ ભગવાન આત્મા, તેને જાણ! એમ અહીં કહે છે. પર્યાય જાણે છે પણ તે કોને જાણે છે?—કે પૂર્ણાનંદના નાથને જાણે છે. કષાયને જાણે છે એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો કષાયસંબંધી જે જ્ઞાન થાય છે તે પોતાના કારણથી—સ્વ-પર-પ્રકાશકની પોતાની શક્તિ છે તેનાથી થાય છે. દયાદાનના ભાવ, વ્રતના પરિણામ, પંચમહાવ્રત આસ્રવ છે, રાગ છે, કષાય છે એમ અહીં કહે છે. આ સાંભળીને કેટલાક લોકો રાડારાડ કરી મૂકે છે—તો કહે છે કે ભાઈ! રાડ નાખો ન નાખો, માર્ગ તો આ જ છે, બીજું કોઈ શરણ છે જ નહીં. શરીર છૂટવાના કાળે પ્રભુ! ચારેકોરથી રોગ ઘેરી લેશે, સોજા ચડશે, શ્વાસ લઈ શકાશે નહીં ત્યારે કોણ બહારમાં શરણ આપશે? અંદર ભગવાન આનંદસ્વરૂપ પડ્યો છે તેને ધ્યાનમાં લે; આ બહારમાં જે ક્રિયા છે તે બધી તારા જ્ઞાનની જ્ઞેય છે, તે તારી નથી, તારામાં નથી, તારાથી થઈ નથી.

કષાયોનો સમૂહ જે ભાવકભાવ તે વ્યક્ત છે, બાહ્ય છે, પ્રગટ છે, સ્થૂળ છે અને ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે, અભ્યંતર છે, સૂક્ષ્મ છે અને એ કારણે તેને અવ્યક્ત કહેવામાં આવ્યો છે.

*[ક્રમશઃ]*

*

❀ જો જિનવાણી સમજનારાની બુદ્ધિ પણ (કર્મોદયવશે) નષ્ટ થઈને તે અન્યથા આચરણ કરે, તો પછી જેને શાસ્ત્રનું જ્ઞાન નથી તેને શું દોષ દેવો? અરે, કર્મોદયને ધિક્કાર હો, ધિક્કાર હો, કેમકે તેના વશ જીવને જિનદેવની પ્રાપ્તિ પણ અપ્રાપ્તિ સમાન છે.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૬૦)*

❀ આ જીવ ભોગોના નિમિત્તે તો બહુ અલ્પ પાપ કરે છે પરંતુ તંદુલમત્સ્યની જેમ પ્રયોજન વિના જ પોતાના દુર્વિચારોથી ઘોર પાપ કરે છે.

*(શ્રી જયસેન-આચાર્ય)*

# અણુ-અણુની સ્વતંત્રતા

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૧)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ બંધ અધિકાર છે. તેમાં વિષય એ ચાલે છે કે અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે સમયે સમયે સાત કર્મનો બંધ પડે છે પણ જ્ઞાનીને મિથ્યાત્વ નહિ હોવાથી, જ્ઞાનદશાને કારણે બંધ પડતો નથી.

૧૮૨ પાના ઉપર નીચે છઠ્ઠો કળશ છે તેના ઉપરનું ૧૬મુ પદ્ય છે. તેમાં વસ્તુનું સત્ય સ્વરૂપ અને મૂર્ખનો વિચાર કહે છે.

तिहूँ लोकमांहि तिहूँ काल सब जीवनिकौ,
पूरव करम उदै आइ रस हेतु है।
कोउ दीरघाउ धरै कोउ अलपाउ मरै,
कोउ दुःखी कोउ सुखी कोउ समचेतु है॥
याहि मैं जिवायौ याहि मारौ याहि सुखी करौ,
याहि दुखी करौ ऐसे मूढ मान लेतु है।
याही अहंबुद्धिसौं न विनसै भरम भूल,
यहै मिथ्या धरम करम-बंध-हेतु है ॥१६॥

અર્થ :—ત્રણલોક અને ત્રણકાળમાં જગતના સર્વ જીવોને પૂર્વ ઉપાર્જિત કર્મ ઉદયમાં આવીને ફળ આપે છે જેથી કોઈને અધિક આયુ થાય છે, કોઈ નાની ઉંમરમાં મરે છે. કોઈ દુઃખી થાય છે કોઈ સુખી થાય છે અને કોઈ સાધારણ સ્થિતિમાં રહે છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ એમ માનવા લાગે છે કે મેં આને જીવાડ્યો, આને માર્યો, આને સુખી કર્યો, આને દુઃખી કર્યો છે. આ જ અહંબુદ્ધિથી અજ્ઞાનનો પડદો દૂર થતો નથી અને એ જ મિથ્યાભાવ છે જે કર્મબંધનું કારણ છે.

ઊર્ધ્વ, મધ્ય અને અધો આ ત્રણ લોક, ભૂત–વર્તમાન–ભાવિ આ ત્રણ કાળ અને સર્વ જીવો કહીને આખી વાત લઈ લીધી છે કે સર્વ કાળ, સર્વ લોકમાં સર્વ જીવોને પૂર્વકર્મ અનુસાર જ ફળ મળે છે. પૂર્વે પોતે જેવા કર્મ બાંધ્યા હોય એવા જ તેને વર્તમાનમાં સંયોગ અને આયુષ્ય આદિ પ્રાપ્ત થાય છે, પણ વિકાર પૂર્વકર્મના ઉદય અનુસાર થાય છે—એ વાત નથી. અહીં તો માત્ર સંયોગ, આયુષ્ય આદિ ધૂળની

સામગ્રીની વાત છે. કોઈને અનુકૂળ સંયોગ મળે છે તો કોઈને પ્રતિકૂળ સંયોગ મળે છે. તે પૂર્વના કર્મના કારણે મળે છે.

કોઈને લાંબુ આયુષ્ય મળે, કોઈને ટૂંકું આયુષ્ય મળે, કોઈને સુખનું નિમિત્ત થાય તેવી અનુકૂળ સામગ્રીનો સંયોગ બને છે તો કોઈને દુઃખનું નિમિત્ત થાય એવી પ્રતિકૂળ સામગ્રીનો સંયોગ બને છે તે બધું પોતે જ પૂર્વે કરેલાં કર્મ અનુસાર મળે છે. સારાં સ્ત્રી, પુત્ર, નીરોગી શરીર આદિ સામગ્રી શાતાકર્મના ઉદયથી મળે છે અને અશાતાકર્મના ઉદયથી ગરીબાઈ, શરીરમાં રોગ, પ્રતિકૂળ સ્ત્રી, પુત્ર આદિનો સંયોગ બને છે. કોઈને મધ્યમ સ્થિતિ હોય છે તે બધું પૂર્વકર્મના રસ અને સ્થિતિ અનુસાર હોય છે, પણ અજ્ઞાની–મૂઢ જીવ આ બધો અનુકૂળ સંયોગ મારાથી બન્યો છે એમ માને છે.

અજ્ઞાની જીવો એમ માને છે કે મેં બાળકોને મોટા કર્યાં, પાંજરાપોળમાં પશુઓને મેં બચાવ્યાં, મરતાં જીવોના પ્રાણની રક્ષા મેં કરી—એમ અનેક પ્રકારે મિથ્યા માન્યતાને સેવે છે પણ ભાઈ ! જીવો પોતાના આયુકર્મથી જીવે છે તેમાં તેં શું કર્યું !

વળી, એમ કહે કે ભગવાનનો સંદેશ છે કે ''જીવો અને જીવવા દયો'' પણ ખરેખર તો પરને હું જીવાડી શકું છું એવી માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિને હોય છે. આ માણસ પાણીમાં પડતો હતો તેને મેં બચાવ્યો, આ મકોડાં પાણીમાં પડ્યાં હતાં તેને મેં બહાર કાઢ્યા—ભાઈ ! તારો બચાવવાનો ભાવ હતો એ બરાબર પણ ક્રિયા તો પરની થઈ છે તેનો કર્તા તું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવું જ વસ્તુનું સ્વરૂપ છે તે ભગવાન વીતરાગે બતાવ્યું છે.

ભગવાને અહિંસાને પરમધર્મ કહ્યો છે માટે બીજાને બચાવવાથી ધર્મ છે એમ ભગવાને કહ્યું નથી. રાગ છે ત્યાં સુધી બીજાને બચાવવાનો રાગ આવશે પણ રાગ આવ્યો માટે પરને એણે જીવાડી દીધો એ વાત ખોટી છે. (પોતાના સ્વભાવની પર્યાયમાં હિંસા ન થવા દેવી તેને ભગવાને અહિંસાધર્મ કહ્યો છે.)

પ્રશ્ન તો થાય કે પિતા પૈસા ખર્ચીને પુત્રને કેળવણી તો આપે છે ને ! ડાહ્યો તો બનાવે છે ને !.......એમ અનેક પ્રકારે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી આપે છે એમ અજ્ઞાનીને લાગે છે તે તેની મૂઢતા છે–મૂર્ખતા છે. પુત્ર પોતાના પૂર્વકર્મના ઉદય અનુસાર સામગ્રી મેળવે છે, તે પિતાએ આપી નથી. દુશ્મન ઝેર આપવાથી મરતો નથી, તે પોતાના આયુકર્મના નાશથી મરે છે. હું બીજાને આહાર આપું છું, દવા આપું છું, પગ દાબું છું, સેવા કરું છું એવી માન્યતા જ ભૂલ ભરેલી છે તે તને દુઃખ આપે છે.

એક આંગળી ચલાવવાનું કામ પણ આત્માનું નથી તેને બદલે જડના બધાં કાર્યનો કર્તા થવા જાય છે તે વીતરાગે કહેલાં તત્ત્વને સમજતો નથી. એક તત્ત્વ બીજા તત્ત્વની દયા પાળી શકે, બચાવી શકે કે મારી શકે એવી શક્તિ જ કોઈ તત્ત્વમાં નથી. તેરાપંથી પણ કહે છે કે પરને બચાવવું એ મિથ્યાત્વ છે પણ એ બીજી રીતે માને છે. 'પરને જીવ બચાવી શકતો નથી' એ વાતની તો એને ખબર જ નથી. એ તો પરને બચાવવાના ભાવને પાપ કહે છે. એમ નથી ભાઈ ! પરને બચાવવાનો ભાવ તો પુણ્ય છે પણ પરને હું બચાવી શકું છું એ માન્યતા ખોટી છે. 'હું પરને બચાવી શકું છું' એમ માનનાર, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા પોતાને માને છે તે માન્યતા—મિથ્યાત્વ છે પણ દયાનો ભાવ આવે તે કાંઈ પાપ નથી, એ તો પુણ્યભાવ છે.

પરજીવને બચાવવાનો ભાવ ધર્મ નથી, પાપ નથી પણ પુણ્યબંધનું કારણ છે. ધર્મીને એવો શુભરાગ આવે છે પણ હું પર જીવને બચાવી શકું છું એમ ધર્મી માનતાં નથી. જે પરજીવને હું મારી કે જીવાડી શકું છું એમ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અરે ! હું મંદિર બનાવું છું, પુસ્તક બનાવું છું, ગાથાનો અનુવાદ કરું છું એવી માન્યતા પણ મૂઢતા છે કેમકે જડની પર્યાયને જીવ કેમ કરી શકે ?

આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાતો છે. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રહેલું છે. દ્રવ્ય એટલે અનંત શક્તિમય વસ્તુ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે દ્રવ્યની વર્તમાન હાલત–તેમાં દ્રવ્ય રહેલું છે. તેને બીજું દ્રવ્ય શું કરી શકે ? 'એક દ્રવ્ય બીજા દ્રવ્યના કાર્યને ન કરે' આ વસ્તુસ્વભાવ ત્રણકાળ, ત્રણલોકમાં સર્વ જીવોને લાગુ પડે છે. અરે ! દરેક દ્રવ્યને લાગુ પડે છે.

હું દુકાનમાં બેઠો હોઉં તો ગ્રાહક વધારે આવે, નોકર બેઠો હોય તો ગ્રાહક આવતાં નથી, વેપાર ચાલતો નથી.....પણ રજકણના આવવા–જવાના કાર્યનો કર્તા તું ક્યાં બની બેઠો ભાઈ !

આટલા પશુઓ કતલખાને જતાં હતાં તેને મેં છોડાવ્યાં, આટલાં એકેન્દ્રિય જીવોની મેં રક્ષા કરી....એમાં બચાવવાનો ભાવ તો શુભ છે પણ હું પરને બચાવી શકું છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. પરનો કર્તા પોતાને માનનારને નવ તત્ત્વની શ્રદ્ધાના પણ ઠેકાણાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ બગાડે કે સુધારે–એવી માન્યતા મિથ્યાદર્શન શલ્ય છે.

શ્રોતા :—મા–બાપને પાળવા કે નહિ ?

ભાઈ ! પરદ્રવ્યને હું પાળું છું એ વાત જ તારી ખોટી છે. આ તો વીતરાગમાર્ગ છે બાપા! દરેક વસ્તુ સ્વતંત્ર છે. કોઈ એક દ્રવ્યની દશાને બીજું દ્રવ્ય કરે કે સાચવે

એમ ત્રણકાળમાં કોઈ'દિ બનતું નથી. એકેન્દ્રિય હો, બેઈન્દ્રિય હો કે પંચેન્દ્રિય હો કોઈ પણ જીવની રક્ષા બીજો જીવ કરી શકતો નથી. તો પ્રતિક્રમણમાં આવે છે ને કે હું ત્રસ, સ્થાવર જીવોની હિંસાથી પાછો ફરું છું—એ તો વિકલ્પમાં એવી રીતે વિચાર કરીને પાછો ફરે છે પણ તેથી કાંઈ પરદ્રવ્યને જીવાડી કે મારી શકે છે એમ કહેવું નથી.

ભગવાન કહે છે કે 'હું બીજાની પ્રાણરક્ષા કરી શકું છું' એવી તારી માન્યતા મહા મૂઢતા છે તેમાં તને પાપ બંધાય છે. હું બીજાને મારી શકું કે અનુકૂળતા આપી શકું એ પ્રકારની ઊંધી માન્યતા કરનારા આત્માની હિંસા કરનારા છે. याहि सुखी करौ याहि दुखी करौ ऐसे मूढ मान लेतु है। મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ જ આવી મિથ્યા કલ્પના કરે છે કે હું પરને સુખી કરું છું અથવા દુ:ખી કરું છું. જેને તત્ત્વની દૃષ્ટિ નથી, આત્મા શું કે સમ્યગ્દર્શન શું એનું જેને જ્ઞાન નથી એવા જીવો જ આ પ્રમાણે પરના કર્તા થઈને અભિમાન કરે છે. સાધુ નામ ધરાવીને પણ આવી મિથ્યા માન્યતા કરે તો તે મૂઢ છે.

સાધુ, પંડિત વગેરેને જો એમ થાય કે અમારી પાસે પૈસા નથી એટલે અમે દાન દઈ શકતાં નથી પણ અમે ઉપદેશ એવો આપીએ કે લોકો દાનમાં પૈસા ખંખેરી નાખે....એ તારી માન્યતા ખોટી છે. પ્રથમ તો 'ઉપદેશ' એ તારું કાર્ય નથી એ તો જડનું કાર્ય છે અને તેનાથી લોકો પૈસા કાઢતાં નથી. પૈસા તો નીકળવાના હતા માટે નીકળ્યાં છે. પણ એને એમ થાય કે અમે એવો ઉપદેશ આપ્યો કે ઘરમાં બૈરાઓને માત્ર રસોઈ કરીને પુરુષોને જમાડવાનો જ હક્ક છે? પૈસા વાપરવાનો હક્ક કેમ નહિ! દાગીના ઉપર તો બહેનોનો અધિકાર છે ને! બહેનોને આમ કહીને ઊંચા કરીને દાનમાં પૈસા કઢાવીએ છીએ એવી મૂઢતા કરવી રહેવા દે ભાઈ! ઉપદેશ તો ભાષાનું કાર્ય છે તેમાં તે શું કર્યું!

જગતની ચીજનું પરિણમન 'કોઈથી કર્યું થાય નહિ અને રાખ્યું રહે નહિ' તેના ટાઈમે થવું હોય તે થાય અને રહેવું હોય તે રહે, જવું હોય તે જાય—આત્મા તેમાં કાંઈ કરી શકે એ વાત ત્રણકાળમાં શક્ય નથી. દરજી કપડાં સીવી શકતો નથી. સંચાનું, કપડાનું, દોરાનું પરિણમન સૌનું પોતાથી થાય છે તેને દરજી કરી શકતો નથી.

હું બીજાને સુખી કે દુ:ખી કરી શકું છું એવી અહંમબુદ્ધિને કારણે બીજા જીવના જીવન–મરણ કે સુખ–દુ:ખ હું કરું છું એવી ભ્રમણા મટતી નથી. મેં આહાર આપ્યો માટે પહેલો બચી ગયો, મરી જ જવાનો હતો, તરફડતો હતો પણ મેં પાણી પીવરાવ્યું તેમાં બચી ગયો એવું માનવું રહેવા દે ભાઈ! એ એના આયુકર્મના કારણે બચ્યો છે, તારા કારણે બચ્યો નથી.

એક એક રજકણ જગતનું સ્વતંત્ર અજીવ તત્ત્વ છે, તેની જે કાળે, જે ક્ષેત્રે, જે

પ્રકારે, જે અવસ્થા થવાની હોય તે થાય છે તેને બીજું દ્રવ્ય કરે કે રોકી શકે એ વાત ત્રણકાળમાં કદી સાચી નથી. મિથ્યાશ્રદ્ધાથી, મુંજાઈને અજ્ઞાનીએ પરના કાર્ય કરવાની ચેષ્ટા તો ઘણી કરી પણ કોઈનું કાંઈ કરી શકયો નથી. કર્મનો નાશ કરવા માટે મહાવ્રત પણ ઘણીવાર પાળ્યાં પણ પોતાની શ્રદ્ધામાં યથાર્થતા લાવ્યો નહિ તેથી અનંતકાળથી મિથ્યાશ્રદ્ધાથી જીવ દુઃખી છે. આ મિથ્યાભાવ જ એને કર્મબંધનું કારણ છે.

આ છઠ્ઠા શ્લોકનો ભાવ થયો. હવે ૭મા શ્લોકના ૧૭મા પદ્યમાં એ જ ભાવને વિસ્તારે છે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે સવળો પડે તો જે થાય તેને માત્ર જાણે પણ અવળો પડે તો જે થાય છે તે મારાથી થયું છે એવો અહંકાર કરે છે. બસ તેનાથી વિશેષ એ કાંઈ કરી શકતો નથી.

जहांलौ जगतके निवासी जीव जगतमैं,
सबै असहाइ कोऊ काहूकौ न धनी है।
जैसी जैसी पूरब करम–सत्ता बांधी जिन,
तैसी उदैमैं अवस्था आइ बनी है॥
एतेपरि जो कोउ कहै कि मैं जिवाऊं मारूं,
इत्यादि अनेक विकल्प बात घनी है।
सो तो अहंबुद्धिसौं विकल भयौ तिहूँ काल,
डोलै निज आतम सकति तिन हनी है ॥१७॥

અર્થ :—જ્યાં સુધી સંસારીજીવોને જન્મ–મરણરૂપ સંસાર છે ત્યાં સુધી તેઓ અસહાય છે–કોઈ કોઈનો રક્ષક નથી. જેણે પૂર્વે જેવી કર્મસત્તા બાંધી છે તેના ઉદયમાં તેની તેવી જ દશા થઈ જાય છે. આમ હોવા છતાં પણ જે કાંઈ કહે છે કે હું પાળું છું, હું મારું છું ઈત્યાદિ અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે તેથી તે આ જ અહંબુદ્ધિથી વ્યાકુળ થઈને સદા ભટકતો ફરે છે અને પોતાની આત્મશક્તિનો ઘાત કરે છે.

જે દ્રવ્યની જે કાળે જે પર્યાયનો થવાકાળ હોય તે વખતે જ તે પર્યાય થાય તેમાં નિમિત્ત તેને શું કરે ! સોપારીના ટૂકડાં સૂડીથી થતાં નથી કારણ કે સોપારીના રજકણ જુદાં છે અને સૂડીના રજકણ જુદાં છે. એક રજકણ બીજા રજકણના કાર્યને કરી શકતું નથી પણ મૂઢ જીવો, મને જ સોપારીનો ઝીણો ભૂકો કરતાં આવડે છે એમ અભિમાન કરે, બૈરાંઓ કહે અમને જ સરસ પૂરણપોળી બનાવવી ફાવે છે.

આ બધાં મિથ્યાદૃષ્ટિના મિથ્યા અભિમાન છે. વળી, વસ્તુ સારી ન થાય ત્યારે એમ પણ કહે કે આ તો રસોઈ છે આપણી ઈચ્છા પ્રમાણે ન થાય—પણ પહેલેથી

એમ માનતો નથી કે આ કાર્ય મારાથી થતું નથી, સ્વયં થાય છે. રસોઈની એકની વાત નથી, અનેક વસ્તુમાં જીવ કર્તા થવા જાય છે. પરની ક્રિયા મારાથી થાય એવી માન્યતા જ મિથ્યા છે એમ જાણતો નથી—તેથી મિથ્યા વિકલ્પ ઊઠાવ્યા કરે છે. અજ્ઞાની પરનું કાર્ય તો કરી શકતો નથી માત્ર વિકલ્પનો કર્તા થયા કરે છે માટે વિકલ્પ તેનું કાર્ય છે અને અજ્ઞાની તેનો કર્તા છે. બાકી દરેક વસ્તુ તો પોતાની સીમામાં છે, કોઈ કોઈનું કાર્ય કરતી નથી.

સમયસાર ગાથા ૧૦૩ની ટીકામાં પણ આ કહ્યું છે કે વસ્તુ પોતાના દ્રવ્યમાં અને ગુણમાં નિજરસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી. માટે તે અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? તેથી પરભાવ કોઈથી કરી શકાય નહિ.

દ્રવ્ય—ગુણ—પર્યાય સત્ છે. તે સત્‌માં અન્ય સત્ પ્રવેશ પામી શકતું નથી તેથી પર એને કાંઈ કરી શકતું નથી. ત્યાં, પરનું કામ તો કરવું પણ અનાસક્તભાવે કરવું અને અભિમાન ન કરવું—એ વાત નથી. પરનું હું કરી શકું છું એવી માન્યતા જ મિથ્યાત્વભાવ છે.

सो तो अहंबुद्धिसौं विकल भयौ तिहूँकाल डोलैं—જગતવાસીજીવો પરમાં અહંબુદ્ધિથી પરને મારવા—જિવાડવા, સુખી—દુઃખી કરવાની કલ્પનાથી બેચેન થઈને નિજશક્તિનો ઘાત કરે છે.

દેહની સ્થિતિ પૂરી થવા આવે ત્યાં ડોક્ટરોને બોલાવે પણ એ શું કરી શકે? જેવો જેવો કર્મનો ઉદય આવે તેવું ફળ ભોગવે છે. ત્યાં કોઈ તેને સહાયી નથી. નિગોદના એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો અસહાયી છે. કોઈ કોઈને બચાવી શકતું નથી. બટાટા, લસણ, ડુંગળી, સૂરણ આદિ કંદમૂળની એક એક કણીમાં અસંખ્ય શરીર છે અને તેની અંદર અનંતજીવ રહેલાં છે તે જીવો એક શરીરમાં સાથે રહેલાં હોવા છતાં કોઈ કોઈને કાંઈ કરી શકતાં નથી. ત્યાંથી નીકળીને એક જીવ રાજા થાય છે તો એક જીવ ત્યાં ને ત્યાં નિગોદમાં જાય છે.

કોઇ જીવ કોઈ અન્ય જીવનો સ્વામી નથી....નરપતિ, કરોડપતિ, ઉદ્યોગપતિ વગેરે ભાષા તો ઘણી બોલાય છે પણ કોઈ કોઈનો પતિ નથી. પૈસાના રજકણો સ્વયં આવે છે અને સ્વયં ચાલ્યા જાય છે તે ઉદ્યોગપતિના ઉદ્યોગથી આવતાં નથી. પૈસા જીવના થઈને રહેતાં નથી. દરેક તત્ત્વ જુદાં છે તેમ નહિ માનતાં બીજા તત્ત્વનું હું કાંઈ પણ કરી શકું છું એવી માન્યતા મહા મિથ્યાત્વ છે, અનંત સંસારને બાંધવાનું કારણ છે.

કોઈ કોઈની આંખ ફોડી તો ન શકે પણ બીજાને આંખ આપી પણ ન શકે. અત્યારે બધાં ચક્ષુદાન કરે છે ને ! ચક્ષુના પરમાણુ ક્યાં તારા હતા તો મેં દાન કર્યું એમ અભિમાન કરે છે ? પરમાણુ તો જડના છે તેનો સ્વામી તું નથી માટે તું દાનનું અભિમાન કરે છે તે નકામું છે. પણ અરે !—વિપરીત માન્યતાએ અનાદિથી એને ઘેરી લીધો છે. આ વિપરીત માન્યતાને ટાળ્યા વિના જે કાંઈ કરે તે એકડાં વિનાના મીંડા સમાન છે.

અભિમાન તો કેવા કરે કે અમારે કમાવાની કાંઈ જરૂર નથી પણ આ કારખાનાને લીધે હજાર માણસ રોજી મેળવે છે તે માટે કરીએ છીએ—અહા ! ગાંડાના કાંઈ ગામ જુદાં હોય ! બધાં ગાંડા ભેગા થયાં છે.

છએ જાતના દ્રવ્યો—અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને અસંખ્ય કાળાણુ. આ છએ દ્રવ્યો અનાદિના છે અને સદાકાળ રહેશે. તેમાં મેં આને સુખી કર્યો, મરતો બચાવ્યો—એમ માનનારા પોતાના આત્મસ્વભાવનો ઘાત કરે છે, મિથ્યાત્વભાવથી આત્માને હણી નાંખે છે. સંસ્કૃત શ્લોકમાં પાઠ છે 'आत्महनो भवन्ति'—ગુણનો તો ઘાત ન થાય પણ પર્યાયમાં આત્માનો ઘાત થાય છે. હું બીજાને અનુકૂળતા આપું કે પ્રતિકૂળતા આપું અને બીજા મને અનુકૂળતા-પ્રતિકૂળતા આપે છે એમ માનીને આત્માનો પર્યાયદૃષ્ટિએ પોતે જ ઘાત કરે છે અર્થાત્ મિથ્યાદર્શનને પોષે છે.

આમ કહીને એ કહેવું છે કે તું પરને હણી શકતો નથી પણ પરને હણવાની માન્યતામાં તું પોતે હણાઈ જાય છે. ભગવાને દયા પાળવાનો ઉપદેશ આપ્યો છે તે કઈ દયા ? કે આત્મામાં રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થવી અને વીતરાગી શાંતિ ઉત્પન્ન થવી તેનું નામ દયા છે. એ દયાનું તો ભાન નથી અને જે નથી થઈ શકતી એવી દયા કરવા નીકળી પડે છે. હું ફલાણી સમાજસેવા સંસ્થાનો અગ્રેસર છું, અમે સેવાભાવના અનેક કામ કરીએ છીએ....અરે ! બાપુ ! પરના કામ કોણ કરી શકે?

દુનિયા સાથે મેળ ખાય એવી આ વાત નથી. આ તો શ્લોકનો ભાવ કહ્યો, હવે બનારસીદાસ જીવના સ્વભાવના ચાર ભેદ પાડીને પોતાનો ભાવ ખોલશે-તે આગળ આવશે કે ઉત્તમ પુરુષ દ્રાક્ષ જેવા અંદરથી અને બહારથી કોમળ હોય છે. મિથ્યાત્વ અને કષાયનો અભાવ થયો હોવાથી 'મેં આમ કર્યા અને મારા વિના થાય નહિ'—એવું અભિમાન ઉત્તમ પુરુષો કરતાં નથી. જ્ઞાની પરથી તો ભિન્ન છે પણ રાગથી પણ ભિન્ન—વૈરાગી છે, મૃદુ અંગ છે—કોમળ છે—દયાળુ છે. (ક્રમશઃ)

*

## સુગમ દૃષ્ટાંત....ગહન સિદ્ધાંત

# ✻ અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા ✻

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

એકવાર દસ મૂર્ખાઓ એક ગામથી બીજે ગામ જતાં હતાં. રસ્તામાં એક નદી આવી. નદી પાર કરીને તેઓ સામે કાંઠે આવ્યા. ત્યાં એક મૂરખ બોલ્યો કે આપણામાંથી કોઇ ડૂબી તો નથી ગયું ને? ચાલો સંખ્યા ગણી જોઇએ. એમ કહીને સંખ્યા ગણવા માંડી—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ ને નવ! તુરત જ તેને ધ્રાસકો પડ્યો કે અરર! આપણામાંથી એક જણ ડૂબી ગયો. પછી બીજો મૂર્ખો ગણવા ઊભો થયો. એમ એક પછી એક બધાય મૂર્ખાઓએ ગણતરી કરી તો નવ જ થયા, કેમ કે દરેક ગણનારો પોતે પોતાને જ ગણતાં ભૂલી જતો હતો. બધા ભેગા થઇને વિસામણમાં પડી ગયા કે હવે શું કરવું? તેઓ ગડમથલ કરતાં હતાં ત્યાં કોઇ ડાહ્યો મુસાફર ત્યાંથી નીકળ્યો. તે આ મૂરખાઓની ગડમથલનું કારણ સમજી ગયો અને કહ્યું ભાઇઓ! ધીરા થાઓ...શાંત થાઓ...તમારામાંથી કોઇ ડૂબી ગયું નથી...ચાલો, બધા એક સાથે લાઇનમાં ઊભા રહો. જુઓ...આ એક આ બે...આ ત્રણ... ચાર... પાંચ... છ... સાત...આઠ...નવ ને આ...દસ! તમે દસેદસ પૂરેપૂરા છો...એ જાણીને મૂરખાઓની ભ્રમણા ટળી ને શાંતિ થઇ. તેમને ખ્યાલ આવ્યો કે અરે! અમે પોતે પોતાને જ ગણતા ભૂલી જતાં હતાં, તેથી નવ જણ થતાં હતાં ને એક જણ ડૂબી જવાની ભ્રમણા અમને થઈ હતી.

તે દસ મૂરખાઓની જેમ અજ્ઞાની જીવો પોતે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. આ શરીર, આ રાગ, આ પર્યાય, એમ લક્ષમાં લ્યે છે પણ તેને જાણનારો હું જ્ઞાયક છું એમ પોતે પોતાને સ્વસંવેદનથી લક્ષમાં લેતો નથી. તેથી તે રાગાદિમાં ને શરીરાદિમાં જ પોતાપણાની ભ્રાંતિથી હેરાન થાય છે. જ્ઞાની જીવ તેને તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે અરે જીવ! તું શાંત થા...ધીરો થા...ને ધીરો થઇને તારા અંતરમાં જો...તારું સ્વરૂપ તો રાગથી ને દેહથી અત્યંત ભિન્ન જ્ઞાન ને આનંદમય જ છે. એ પ્રમાણે અંતર્મુખ થઇને આત્માને જાણતાં જ ભ્રમણા ટળીને જીવ આનંદિત થાય છે. ત્યારે તેને એમ પણ થાય છે કે 'અરે! અત્યાર સુધી મારા પોતાના જ ત્રિલોક–પૂજ્ય મહાન અસ્તિત્વને ભૂલીને હું ભ્રમણાથી દુ:ખી થયો. તેથી સંતોએ કહ્યું છે કે ''અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા'' એ યથાર્થ કહ્યું છે. હવે હું સંતોની કૃપાથી મારી ખોવાયેલી નિધિને પામ્યો છું. હવે કદાપિ હું મારી નિધિને ભૂલીશ નહિ.' ✻

ગુજરાત પ્રદેશની પ્રમુખ નગરી અમદાવાદ (ખાડિયા) માં સાનંદ સંપન્ન

## * શ્રી જિનબિમ્બ-પ્રતિષ્ઠા મહોત્સવ *

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રભાવનોદય-અંતર્ગત અમદાવાદ(ખાડિયા)માં તા. ૨૦ થી ૨૭ ફેબ્રુઆરી સુધી પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ સહૃદય શ્રદ્ધાભક્તિવંત હજારો મુમુક્ષુઓના ઉત્સાહભર્યા ભક્ત્યુલ્લાસમય વાતાવરણમાં સાનંદ ઊજવવામાં આવ્યો. સૌરાષ્ટ્ર, ગુજરાત, વિભિન્ન હિન્દીભાષી-પ્રદેશ, દક્ષિણભારત તથા નાઈરોબી (કેન્યા), લંડન, અમેરિકા વગેરે વિભિન્ન ક્ષેત્રોથી લગભગ ચાર હજારથી વધુ મુમુક્ષુ આ મંગલ મહોત્સવનો અનુપમ લાભ લેવા પધાર્યા હતા. ખંડવા, ભોપાલ, ઈન્દોર, ઉદયપુર, કુરાવડ, દિલ્હી, કલકત્તા, મુંબઈ, ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગલોર, સાગર આદિ અનેક સ્થાનોથી સેંકડો હિંદીભાષી મહેમાન પણ આ અનુપમ અવસરનો લાભ લેવા પધાર્યા હતા.

આ મંગલમય મહોત્સવની ચમત્કૃતિપૂર્ણ પ્રભાવકતાનો મૂળ આધાર તો આપણા તારણહાર પરમ કૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવનો સાતિશય પ્રભાવનોદય જ છે. તેને ચમકાવવાનો અનુપમ યશ પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને છે. તેઓની આનંદવર્ધિની મંગલ ઉપકાર--છાયામાં ઊજવવામાં આવેલ આ મહોત્સવના અવસર પર અનેક મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવના મુખારવિંદથી પ્રસ્તુત શબ્દાવલિ—તેમનો (બહેનશ્રી ચંપાબેનનો) જયજયકાર થશે. અલૌકિક દ્રવ્ય છે, તેઓની લાઈન જ જુદી છે—યાદ આવતી હતી, જેનાથી તે મુમુક્ષુઓનો આત્મા ભક્તિભાવ તથા પ્રસન્નતાથી દ્રવિત થઈ જતો હતો. આ મંગલ મહોત્સવના અવસર પર આપણા આદરણીય, આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહે પોતાના શુભ આશીર્વાદ મોકલતા કહ્યું હતું કે-(પ્રતિષ્ઠોત્સવના) બધા કાર્યોમાં (તમે લોકો) સફળ થાઓ અને બધું સુખરૂપ નિષ્પન્ન થાઓ. શુદ્ધભાવ સહિત શુભભાવ હોય તો પંચકલ્યાણક ઊજવ્યો કહેવાય; માટે શુદ્ધભાવનું લક્ષ ચૂકવું નહીં. આ મંગલ આશીર્વાદ સાંભળીને સર્વે મુમુક્ષુઓને ઘણી જ પ્રસન્નતાનો અનુભવ થયો હતો.

માઘ સુદ અષ્ટમીના શુભ દિવસે શરૂ થયેલ આ મહોત્સવના આગલા દિવસે પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની તથા ઝંડારોહણ ઈત્યાદિની જે 'બોલી' બોલવામાં આવી હતી તે શરૂઆતની બોલીમાં જ 'શ્રી' ની વર્ષાનો પ્રારંભ થઈ ગયો હતો, જેનાથી મુમુક્ષુઓમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના પદાર્પણથી પાવનભૂત આ ભૂમિમાં થવાવાળા આ પંચકલ્યાણક-મહોત્સવને અસાધારણ આનંદોત્સાહથી ઊજવવાના પ્રમોદના દર્શન થતાં હતાં.

અમદાવાદ (ખાડિયા) મુમુક્ષુમંડળમાં મહોત્સવમય વાતાવરણનો શુભારંભ તો ઘણા દિવસોથી થઈ ગયો હતો. પ્રતિષ્ઠેય ભવ્ય જિનબિમ્બોનું મંગલ પદાર્પણ થતાં મુમુક્ષુઓમાં હર્ષાનંદની કોઈ સીમા ન હતી. પ્રતિષ્ઠેય જિનબિંબના ભવ્ય સ્વાગતના રૂપમાં ભવ્ય શોભાયાત્રા આયોજિત કરવામાં આવી હતી, જેમાં અનેક મહાનુભાવોએ ઉત્સાહપૂર્ણ લાભ લીધો હતો.

## ★ પંચકલ્યાણક–પ્રતિષ્ઠાનો શાસ્ત્રસંમત વિવિધ ક્રમ ★

શ્રી જિનબિંબપ્રતિષ્ઠોત્સવની પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૨૦-૨-૨૦૦૨ના દિવસે ક્રમશઃ શાન્તિજાપ પ્રારંભ પ્રતિષ્ઠામંડપશુદ્ધિ, જેમના મંગલકારી આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઉજવાઈ ગયો તે વિધિ–અધ્યક્ષ પરમપૂજ્ય કુમાર બ્રહ્મચારી શ્રી મહાવીર ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન (પ્રતિષ્ઠાવેદીમાં મંગલ કુંભ સ્થાપન), અખંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠિમંડલ વિધાનપૂજા; તા. ૨૧-૨-૨૦૦૨ના દિવસે દેવ–શાસ્ત્ર–ગુરુપૂજાપૂર્વક આચાર્ય--અનુજ્ઞા, ઈન્દ્રશોભાયાત્રા; તા. ૨૨-૨-૨૦૦૨ના દિવસે શ્રી યાગમંડલપૂજા, ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયા; તા. ૨૩-૨-૨૦૦૨ના દિવસે ગર્ભકલ્યાણક, સ્વપ્નફલદર્શન, જલયાત્રા, વેદિ–કલશ–ધ્વજશુદ્ધિ, ગર્ભકલ્યાણકની શેષ ક્રિયા (શ્રી હ્રિ આદિ ૮ કુમારિકા દેવિયોનો માતાની સાથે અધ્યાત્મ વાર્તાલાપ તથા ૫૬ કુમારિકા દેવી માતાની સેવામાં નિયુક્ત); તા. ૨૪-૨-૨૦૦૨ના દિવસે જન્મકલ્યાણક, જન્માભિષેક--શોભાયાત્રા, પાંડુકશિલા ઉપર જન્માભિષેક, નાભિ મહારાજા તથા મરુદેવી માતા બનવાનું સૌભાગ્ય અમદાવાદનિવાસી શ્રી અનંતરાય ચુનિલાલ બોટાદરા તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી લાભુબેનને પ્રાપ્ત થયું હતું.) મહેલમાં ઈન્દ્રો દ્વારા જન્મકલ્યાણકપૂજા, તાંડવનૃત્ય, પારણાઝૂલન, રાજ્યાભિષેક, મહારાજા આદિનાથનું સમાગત રાજાઓ દ્વારા અભિવાદન; તા. ૨૫-૨-૨૦૦૨ના દિવસે મહારાજા આદિનાથનો નીલાંજના અપ્સરાનું મૃત્યુ દેખીને જાતિસ્મરણ તથા વૈરાગ્ય, ભગવતી જિનદીક્ષા માટે વનપ્રયાણ, દીક્ષા શોભાયાત્રા, દીક્ષાગ્રહણવિધિ, દીક્ષાવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્ય--પ્રવચન તથા વૈરાગ્યભક્તિ, ઈન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર-કેશક્ષેપણવિધિ, તપકલ્યાણકપૂજા, તીર્થંકર--મુનિરાજ શ્રી આદિનાથ-સાધનાદર્શન, આદિનાથ–પૂર્વભવદર્શન; તા. ૨૬-૨-૨૦૦૨ના દિવસે શ્રી આદિનાથ મુનિવરને આહારદાન (આહારદાનનો લાભ શ્રી કાન્તાબેન અનુપચંદ ખારા-પરિવાર હ. બ્ર. કોકીલાબેન, મધુરભાઈ, પ્રવિણાબેન, મીનાબેન, મહેન્દ્રભાઈ, રૂપાબેન, હસમુખભાઈ તથા જયશ્રીબેનને પ્રાપ્ત થયો હતો), અંકન્યાસવિધિ, ક્ષપકશ્રેણી–આરોહણ, કેવલજ્ઞાનકલ્યાણક, સમવસરણ રચના, ઈન્દ્રો દ્વારા કેવળજ્ઞાનકલ્યાણકપૂજા, જિનવરવિહાર તથા વિભિન્ન નગરોમાં દેશના, તા, ૨૭-૨-૨૦૦૨ના દિવસે નિર્વાણકલ્યાણક– સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિ, શાન્તિભક્તિ, નિર્વાણપૂજા, પ્રતિષ્ઠિત જિનબિંબોને શોભાયાત્રાપૂર્વક જિનમંદિરમાં લાવવાની મંગલવિધિ, પ્રતિષ્ઠાપનની પૂર્વવિધિ, વેદી પર શ્રી જિનબિંબ–સ્થાપનની મંગલવિધિ, કળશ–ધ્વજારોહણ, જિનવાણીપ્રતિષ્ઠા, પૂજ્ય ગુરુદેવની મનોહર પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ની સંસ્થાપનવિધિ, તથા ભગવાન કુંદકુંદાચાર્યદેવ, પૂજ્ય બહેનશ્રીના તથા અન્ય ત્રણ વિશાળ ભવ્ય ચિત્રપટની અનાવરણવિધિ, શાન્તિયજ્ઞ તથા અન્તમાં પ્રતિષ્ઠોત્સવ–સમાપન–રથયાત્રા. પ્રતિષ્ઠાના વિધિવિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ સી. ડી. ટેપપ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચાનો, વિભિન્ન વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનોનો તથા ધાર્મિક શિક્ષણનો પણ સુંદર લાભ મળતો હતો. બાલક–બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરાતો હતો. આ બધા

કાર્યક્રમો સુંદર તેમ જ પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં પૂરા થઈ જતા હતા.

પ્રતિષ્ઠાના આશ્ચર્યકારી અનુપમ દશ્યોને જોઈને પ્રેક્ષક–મુમુક્ષુ વૃંદને અંતરમાં એવો અનુભવ થતો હતો કે–નિર્દોષ સમ્યગ્દર્શનની ઉત્પત્તિના બાહ્ય નિમિત્તકારણોમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (પંચકલ્યાણક–પ્રતિષ્ઠાદર્શન) કહ્યું છે તે વસ્તુતઃ સત્ય છે. અનેક મુમુક્ષુઓને નિમ્ન પંક્તિઓ પુનઃ પુનઃ યાદ આવતી હતી.

કલ્યાણ-કાલ પ્રત્યક્ષ પ્રભુકો લખૈ જે સુરનર ઘને,
તિહ સમયકી આનંદ મહિમા કહત ક્યોં મુખસોં બને.

આ પંચકલ્યાણકના સ્વર્ણિમ અવસર પર આયોજિત કરવામાં આવેલી વિવિધ શોભાયાત્રાઓની શાન પણ ઘણી અદ્ભુત હતી. આખો માર્ગ માનવસમુદાયોથી ઉભરાતો હતો. શોભાયાત્રામાં ધર્મધ્વજયુક્ત ગજેન્દ્ર, જિનેન્દ્રરથ, જિનવાણીયુક્ત અનેક બગીઓ, ભજનમંડળીઓ, 'ડાંડિયા-રાસ' લેવાવાળા યુવક મંડળ અને હજારો મુમુક્ષુઓની સમુપસ્થિતિ ઇત્યાદિથી ઉત્સવની શાન જ કોઈ અવર્ણનીય હતી ! કર્ણાવતી હકીકતમાં અયોધ્યાપુરી બની ગઈ હતી. જન્મ-કલ્યાણકની શોભાયાત્રાના તથા પાંડુકશિલા પર જન્માભિષેકના અનુપમ દશ્ય તો ભક્તોને ખૂબ પ્રમુદિત કરતાં હતાં. આવું અનુપમ સૌભાગ્ય જેમના પવિત્ર તથા પરમ પ્રતાપથી મુમુક્ષુ જગતને સમુપલબ્ધ થયું એવા આપણા પરમ તારણહાર કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિવિભૂષિત પૂજ્ય બહેનશ્રી પ્રતિ મુમુક્ષુ મહાસાગર ઉપકૃતતાની ભાવનાયુક્ત અસાધારણ ભક્તિભાવથી ઉછળી જતો હતો. પરમોપકારી ઉભય ધર્માત્માઓના જયનાદથી વાતાવરણ આનંદરિક્ત થઈ જતું હતું.

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પંચકલ્યાણકપૂર્વક પ્રતિષ્ઠા થયા પછી વીર નિ. સં. ૨૫૨૮, વિ. સં. ૨૦૫૮, માઘ સુદ ૧૫, બુધવારના શુભ દિવસે સવારે શુભ મુહૂર્તમાં સમવસરણમાં ત્રિષિઠીકાયુક્ત ભવ્ય કમલવિભૂષિત વેદી પર ચતુર્મુખ શ્રી સીમંધર ભગવાન, મુનિસભામાં ભરતક્ષેત્રના શ્રમણશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવની ખડગાસનસ્થ ભવ્ય પ્રતિમા તથા વિભિન્ન રમણીય વેદીઓમાં શ્રી સીમંધર આદિ વીસ વિદેહી જિનવરોના ભવ્ય વીતરાગ ભાવવાહી જિનબિમ્બ બિરાજમાન કરવાની મંગલવિધિ સંપન્ન થઈ હતી. એ પછી કલશારોહણ, ધ્વજારોહણ, સમયસાર આદિ પંચ પરમાગમ આદિ જિનવાણીની પ્રતિષ્ઠા સ્વાધ્યાયકક્ષમાં પૂજ્ય ગુરુદેવના મનોહર 'સ્ટેચ્યુ'નું સંસ્થાપન, ચિત્રપટોનું અનાવરણ ઇત્યાદિ અનેક વિધિ સંપન્ન થઈ હતી. તા. ૨૭-૨-૨૦૦૨ના દિવસે સવારે સમવસરણમાં મૂલનાયક ચતુર્મુખ શ્રી સીમંધરસ્વામી તથા અન્ય વેદીમાં સમસ્ત જિનબિંબોની બિરાજમાનવિધિ તથા શાંતિયજ્ઞ નિર્વિઘ્ન સમાપ્ત થયા પછી બપોરે શહેરમાં તોફાન તથા હિંસાનું તાંડવ થયું. ત્યાંના બધા મુમુક્ષુ કહેતા હતા કે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતાના પ્રભાવના ઉદયનો તથા આદરણીય પંડિતજીની આશિષનો આ આશ્ચર્યકારક ચમત્કારી પ્રભાવ છે કે આપણા મહોત્સવના સમયે જરાપણ વિઘ્ન આવ્યું નહીં. અહો ! અદ્ભુત મહિમા છે આ વીતરાગ દેવ-ગુરુ-ધર્મનો અને પૂજ્ય કહાનગુરુદેવનો તથા ભગવતી માતાનો.

અહા ! જેવી પ્રતિષ્ઠા મહોત્સવની નિમંત્રણ-પત્રિકા ઘણી જ સુશોભિત તથા ચિત્તાકર્ષક હતી, તેવી જ ભવ્ય તથા મનોહર પ્રતિષ્ઠામંડપ તથા પ્રતિષ્ઠાવેદી, મુખ્ય પ્રવેશદ્વાર, પૂજ્ય ગુરુદેવના ભૂત-ભાવિ ભવોનું ભવ્ય વિશાળ ચિત્રપટ, પંચકલ્યાણકના અનુરૂપ જિનેન્દ્રભક્તિમય સુંદર સુત્રવાક્ય, મન:પ્રસાદકારી વિવિધ પ્રકારની રોશની વગેરે અનેકવિધ સાજસામાનથી ઉત્સવની 'શોભાશ્રી'માં ચાર ચાંદ લાગી ગયા હતા. મુખ્ય પ્રવેશદ્વાર પર પ્રતિષ્ઠા મંડપને 'આદિનાથનગર' એવું શુભાભિધાન આપવામાં આવ્યું હતું.

સમાગત મહેમાન તથા સ્થાનીય મુમુક્ષુમંડળને માટે મહોત્સવના આઠે દિવસ સુંદરતમ ભોજન વ્યવસ્થા કરવામાં આવેલી. સમાગત મહેમાન આવાસ, ભોજન તથા પ્રકાશ વ્યવસ્થાની ઘણી પ્રશંસા કરતા હતા.

## ★ પ્રતિષ્ઠાવિધિ : શુદ્ધામ્નાયાનુસાર ★

પંચકલ્યાણકપ્રતિષ્ઠાના બધા વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી (ઇન્દોર) દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાપ્રદીપ'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ.

## ★ પ્રતિષ્ઠાચાર્ય તથા પ્રતિષ્ઠાવિધિ ★

આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અન્તેવાસી આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી ચંદુભાઈ ઝોબાળીયા (સોનગઢ), આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ), આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), મલાડનિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી પ્રકાશભાઈ જૈન તથા સલાલનિવાસી શ્રી રમેશભાઈ મહેતાએ કરાવી હતી. ઉપસ્થિત મુમુક્ષુસમાજમાંથી અનેક મુમુક્ષુ ભાઈ--બહેન પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહેતાં હતાં કે—પંચકલ્યાણકના સરલ, સુગમ તથા સ્પષ્ટીકરણવાળી રોચક શૈલીમાં સંપન્ન આ શાસ્ત્રોક્ત, શુદ્ધ, દર્શનીય તથા ચિત્તાકર્ષક ભાવવાહી વિધાન અત્યંત આનંદકારી અનુભવાયાં. પ્રત્યેક વિધાનના પ્રારંભમાં વિધિ સંક્ષેપમાં સમજાવાતી હતી, જેથી પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધાં વિધિવિધાન, ન બહુ ઝડપથી અથવા ન બહુ ધીરેથી, પ્રાય: નિશ્ચિત સમયાવધિમાં પૂરાં થતાં હતાં. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારની સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન તથા હાર્દિક ભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓ અનુભવતા હતા.

## ★ શાસ્ત્રપ્રવચનકાર ★

આ શુભાવસરમાં પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાભક્તિવંત, અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન સર્વશ્રી હિમ્મતભાઈ ડગલી, ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ), સુભાષભાઈ શેઠ (વાંકાનેર), રાજુભાઈ કામદાર (રાજકોટ), નિરંજનભાઈ ડેલીવાળા (સુરત) અને શ્રી રમેશભાઈ મહેતા (સલાલ)એ શાસ્ત્રપ્રવચનનો લાભ આપ્યો હતો. એ ઉપરાંત શ્રી સુભાષભાઈ શેઠ તથા રાજુભાઈ કામદારે ધાર્મિક શિક્ષણવર્ગ પણ ચલાવ્યો હતો.

## પ્રતિષ્ઠાવિધાનમાં ધનવ્યયનું સૌભાગ્ય

શ્રી પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવના વિધિવિધાનમાં લાભ લેવાનું સૌભાગ્ય મુખ્યતઃ નીચેના મહાનુભાવોને સમ્પ્રાપ્ત થયું હતું.

વિધિ અધ્યક્ષ મહાવીર ભગવાનને વેદીમંડપમાં બિરાજમાન કરવાનું સૌભાગ્ય શ્રી જશોદાબેન હરખચંદ શાહ-પરિવાર હ. કિરણભાઈ શાહ નાઈરોબીને તથા અખંડ જ્ઞાનદીપ પ્રદીપનનો લાભ શ્રી જયશ્રીબેન કિરણભાઈ શાહ હ. આનંદ નાઈરોબીને મળ્યો હતો. ધર્મધ્વજારોહણનો અનુપમ લાભ શ્રી સરોજબેન પ્રફુલ્લભાઈ રાજા હ. શ્રેયસ, કલ્પુ, સુજલ, દીપ, નાઈરોબીને મળ્યો હતો.

**શ્રી પંચપરમેષ્ઠીમંડલ-વિધાન પૂજાના ઈન્દ્ર :** (૧) કનુભાઈ લક્ષ્મીચંદ શાહ (૨) કપિલભાઈ શાહ (૩) મુકેશભાઈ શેઠ તથા ચંદ્રકાન્તભાઈ શેઠ (૪) ચંદ્રકાન્ત જે. શેઠ (૫) નિમિષ અમૃતલાલ ઝોબાળિયા (૬) અમિતભાઈ ઝોબાળિયા (૭) ભરતભાઈ જે. ગાંધી.

**પંચકલ્યાણક-વિધાનના ઈન્દ્ર :** (૧) સૌધર્મ ઈન્દ્ર તથા શચી-ઈન્દ્રાણી : સર્વશ્રી નિતીનભાઈ ભીમાણી તથા તેમનાં ધર્મપત્ની ઈન્દિરાબેન અમેરિકા (૨) એશાન ઈન્દ્ર : વિરાટભાઈ મોહનલાલ વોરા તથા ઈન્દુબેન (૩) સાનત્કુમાર ઈન્દ્ર : કમલેશભાઈ હરીચંદભાઈ શાહ તથા જયશ્રીબેન (૪) માહેન્દ્ર ઈન્દ્ર : રશ્મિ જયંતીભાઈ ગાંધી તથા રીટાબેન (૫) બ્રહ્મ ઈન્દ્ર : યોગેશ દામોદરદાસ મોદી તથા શીલાબેન (૬) લાન્તવ ઈન્દ્ર : ડૉ. ભરતભાઈ શાહ તથા સ્મીતાબેન (૭) શુક્ર ઈન્દ્ર : રમેશભાઈ ચંદુલાલ સંઘવી (૮) સહસ્રાર ઈન્દ્ર : મહેશભાઈ અમૃતલાલ શાહ (૯) આનત ઈન્દ્ર : માંગીલાલ જૈન (૧૦) પ્રાણત ઈન્દ્ર : કિશોરભાઈ શીવલાલ દેસાઈ (૧૧) આરણ ઈન્દ્ર : કૌશલભાઈ ચંદ્રકાંત શેઠ (૧૨) અચ્યુત ઈન્દ્ર : વિનોદચંદ્ર રતીલાલ દોશી (૧૩) સૌધર્મ પ્રતીન્દ્ર : નિરંજનભાઈ હિંમતલાલ ડેલીવાળા (૧૪) એશાન પ્રતીન્દ્ર : નગીનભાઈ હરગોવિંદદાસ અજમેરા (૧૫) સાનત્કુમાર પ્રતીન્દ્ર : રમેશચંદ્ર નારણદાસ શાહ (૧૬) માહેન્દ્ર પ્રતીન્દ્ર : શાંતિલાલ હરજીવનદાસ શાહ અને કુબેર : સમયભાઈ વિરાટભાઈ વોરા.

**અષ્ટકુમારિકાદેવી :** (૧) અપ્રિતા રમેશચંદ્ર સંઘવી (૨) જિનેન્દ્રા યોગેશકુમાર મોદી (૩) મિતલ નરેન્દ્રભાઈ શાહ (૪) રિદ્ધિ ભરતભાઈ શાહ (૫) અમી દીપકભાઈ શાહ (૬) બિન્ની દીપકભાઈ શાહ (૭) અંજના ભરતભાઈ સંઘવી (૮) દર્શના ઉપેન્દ્રકુમાર ગોપાણી

**નાભિરાજ મહારાજાના રાજદરબારના રાજા :** ૧. ચંદુલાલ શીવલાલ સંઘવી પરિવાર ૨. જયંતીલાલ ચમનલાલ દોશી બોરીવલી ૩. વિરાટભાઈ વોરા અમદાવાદ ૪. અમૃતલાલભાઈ મલુકચંદ ઝોબાળિયા ૫. મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ ૬. સુમતિપ્રકાશ છગનલાલ જૈન ૭. જસવંતલાલ શાંતિલાલ શાહ ૮ નેહલભાઈ પ્રવિણચંદ્ર વોરા ૯. અનંતરાય ચુનીલાલ બોટાદરા હ. દિલીપ ૧૦. કનુભાઈ લક્ષ્મીચંદ શાહ ૧૧. જયંતિભાઈ ઉમેદચંદ શેઠ ૧૨. કિશોરભાઈ શિવલાલ દેસાઈ ૧૩. વિકાસભાઈ એમ. શાહ ૧૪. જીગર કમલેશભાઈ શાહ ૧૫. રવિચંદભાઈ ઉમેદચંદભાઈ શેઠ ૧૬. રમેશચંદ્ર નારણદાસ શાહ તથા **મહામંત્રી :** મનહરલાલ છોટાલાલ કેશવજી ભાયાણી.

**સર્વાર્થસિદ્ધિ-વિમાનના અહમિન્દ્ર :** (૧) જિતેન્દ્ર વ્રજલાલ શાહ (૨) મનુભાઈ પરશોત્તમદાસ કામદાર (૩) રસિકલાલ અમરચંદ ડગલી (૪) નગીનદાસ હિંમતલાલ ડગલી (૫) વિકાસભાઈ એમ. શાહ (૬) જયંતિલાલ ચમનલાલ દોશી (૭) મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ (૮) મનહરલાલ છોટાલાલ (૯) છબીલદાસ ગાંડાલાલ શાહ (૧૦) ધવલ મહેતા.

**જલયાત્રાના કળશ :** (૧) **સુવર્ણ કળશ :** ૧. હિતેશ્રી હિતેનભાઈ શાહ, નાઈરોબી ૨. રીટાબેન રશ્મિભાઈ ગાંધી ૩. વિભૂતિ જીતુભાઈ શાહ ૪. ઉર્મિલાબેન સુરેશભાઈ દેસાઈ (૨) **રજત કળશ :** ૧. ગિરધરલાલ ઠાકરશી મોદી ૨. નલિનભાઈ કિશોરભાઈ દેસાઈ ૩. જયશ્રીબેન ભરતભાઈ ગાંધી ૪. કનુભાઈ લક્ષ્મીચંદ શાહ.

**જલયાત્રા બગી :** (૧) ભ. કુંદકુંદાચાર્ય ચિત્રપટ : પ્રભાબેન પ્રવિણચંદ્ર ડગલી (૨) પૂ. ગુરુદેવશ્રી ચિત્રપટ : સરોજબેન નગીનદાસ અજમેરા (૩) પૂ. માતાજી ચિત્રપટ : પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી (૪) જિનવાણી સમયસાર : પં. હિંમતલાલ ડગલી (૫) નિયમસાર : લલિતભાઈ અમુલખ શેઠ તથા રાજુભાઈ દોઢીવાળા.

**જન્માભિષેક શોભાયાત્રા : જીપ :** વિરાટભાઈ વોરા-પરિવાર **બગી :** ૧. લાભુબેન રમણિકલાલ ગોસલિયા ૨. બીપિનભાઈ આર. શાહ ૩. હરજીવનદાસ ગિરધરલાલ પરિવાર ૪. માધવલાલ ભાયચંદ શાહ ૫. રમણિકલાલ લાલચંદ અજમેરા ૬. પંકજભાઈ રવાણી.

**જન્માભિષેકના કળશ : રત્નજડિત સ્વર્ણ કળશ :** ૧. જયાબેન જયંતિલાલ દોશી હ. જયંતિલાલ તથા રૂપાળીબેન અમરચંદભાઈ ડગલી હ. રસિકભાઈ ૨. શામજીભાઈ ભાણજીભાઈ છેડા ૩. શ્રેયસ પ્રફુલ્લભાઈ રાજા. **સુવર્ણ કળશ :** ૧. નગીનદાસ હરગોવિંદદાસ અજમેરા ૨. રતિલાલ ભુરાલાલ દેસાઈ હ. વિરેન્દ્રભાઈ ૩. ત્રંબકલાલ છગનલાલ વાધર હ. અશોકભાઈ ૪. રસિકભાઈ જગજીવનદાસ શાહ ૫. વિરાટભાઈ મોહનલાલ વોરા. **રજત કળશ :** ૧. મનસુખલાલ નથુભાઈ મહેતા હ. પ્રમોદભાઈ ૨. આનંદ કિરણભાઈ શાહ હ. જયશ્રીબેન ૩. જસવંતરાય પાનાચંદ ડગલી ૪. જસવંતીબેન નગીનદાસ ડગલી ૫. ઈન્દુમતીબેન રસિકલાલ ધોળકિયા

**પારણા ઝૂલણ :** ૧. પ્રભુદાસભાઈ તારાચંદ કામદાર હ. હર્ષદભાઈ તથા પરિવારજનો ૨. શામજીભાઈ ભાણજીભાઈ છેડા ૩. મધુરભાઈ મહેતા હ. પ્રવિણાબેન ૪. છગનલાલ કાલીદાસ વાધર હ. ભારતીબેન ૫. કલ્પનાબેન શ્રેયસ રાજા હ. સરોજબેન ૬. કસ્તુરીબેન લાલચંદ અજમેરા હ. લલિતાબેન પાનાચંદ તથા બ્ર. ગુણીબેન ૭. નવિનભાઈ પોપટલાલ શાહ.

**લૌકાંતિક દેવ :** ૧. ચિદ્રુપ યોગેશભાઈ મોદી ૨. સુજય ભરતભાઈ શાહ ૩. આનંદ કિરણભાઈ શાહ ૪. શ્રીપાલ અશ્વિનકુમાર ૫. હર્ષિલ મુકેશભાઈ શેઠ ૬. નિયમ સમયકુમાર વોરા ૭. કશિષ આલાપભાઈ કામદાર ૮. પૂર્વિલ તુષારભાઈ કામદાર **વિદ્યાધર રાજા :** ૧. શ્રી જિનેશભાઈ શાહ હ. પ્રવિણભાઈ ૨. જીતુભાઈ વ્રજલાલ શાહ ૩. મીઠાલાલ મગનલાલ દોશી ૪. જયંતિલાલ ચમનલાલ દોશી **ભૂમિગોચરી રાજા :** ૧. રાહુલ કમલેશભાઈ ૨. કિરણભાઈ

હરખચંદ શાહ ૩. શાંતિલાલ ઠાકરશી મોદી ૪. મધુરભાઈ મહેતા હ. પ્રવિણાબેન

**દીક્ષાયાત્રા : હાથી :** રતિલાલ ભૂરાલાલ દેસાઈ પરિવાર હ. વિરેન્દ્રભાઈ, **બગી :** ૧. રતિલાલ ભૂરાલાલ દેસાઈ પરિવાર હ. વિરેન્દ્રભાઈ ૨. હરગોવિંદભાઈ ગોપાણી ૩. વિરાટભાઈ મોહનલાલ વોરા ૪. જયંતિલાલ ચમનલાલ દોશી ૫. કનુભાઈ લક્ષ્મીચંદ શાહ.

**સ્વામીવાત્સલ્ય જમણ :** ૧. નિર્મલાબેન ચંદુલાલ મહેતા ૨. મુલચંદભાઈ ખીમચંદભાઈ શાહ ૩. મયુરભાઈ કે. મોદી ૪. તારાબેન ન્યાલચંદભાઈ ઝોબાળિયા ૫. ચુનીલાલ હીરાચંદ દામાણી ૬. જયંતીલાલ હીરાલાલ શેઠ ૭. અમૃતલાલ મલુકચંદ ઝોબાળિયા ૮. નંદલાલ હરગોવિંદદાસ શાહ ૯. નાઈરોબી મુમુક્ષુમંડળ ૧૦. પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા ૧૧. રળિયાતબેન રાયચંદભાઈ ૧૨. કાંતાબેન અનુપમચંદ ખારા હ. મધુર મહેતા ૧૩. ઈન્દુભાઈ મફતલાલ કામદાર હ. તુષારભાઈ ૧૪. રતિલાલ ભુરાલાલ દેસાઈ.

## ગુરુપ્રતિકૃતિ--સંસ્થાપન તથા ચિત્રપટ-નિર્માણમૂલ્ય તથા અનાવરણ :

**ચિત્રપટો : (૧) ભગવાન કુંદકુંદાચાર્યદેવ :** નિર્માણમૂલ્ય–શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ અનાવરણ : શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી **(૨) ભગવાન અમૃતચંદ્રાચાર્ય તથા પદ્મપ્રભમલધારીદેવ :** ગિરીષભાઈ ચંદ્રકાન્તભાઈ દોશી હ. જ્યોતિબેન, મનોજ તથા કેતન **(૩) પૂ. ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેન :** નિર્માણમૂલ્ય--હીરાલાલ ભીખાલાલ શાહ અનાવરણ : જસવંતલાલ શાંતિલાલ શાહ **(૪) સોનગઢ તીર્થધામ :** કેશવલાલ ખીમચંદ શાહ-પરિવાર **(૫) પૂ. ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ :** નિર્માણમૂલ્ય–સપાણી પરિવાર હ. ધીરુભાઈ બિરાજમાન : શારદાબેન શાંતિલાલ શાહ, મુંબઈ હ. નેમીષભાઈ તથા કેતનભાઈ

**જિનવાણી સ્થાપના : (૧) શ્રી સમયસાર :** શ્રી કાર્તિકકુમાર આર. શાહ હ. રંજનબેન અમદાવાદ **(૨) પ્રવચનસાર :** ડૉ. લીલાબેન મોદી **(૩) નિયમસાર :** શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ હ. અનિલભાઈ તથા જીતુભાઈ **(૪) પંચાસ્તિકાય :** શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા-પરિવાર **(૫) શ્રી અષ્ટપાહુડ :** જયંતિલાલ નાગરદાસ ગાંધી **(૬) પૂ. ગુરુદેવશ્રી વચનામૃત :** જયાબેન જયંતિલાલ દોશી હ. પરેશ તથા અક્ષય **(૭) બહેનશ્રી વચનામૃત :** અંજનભાઈ શાંતિલાલ શાહ **(૮) જ્ઞાનવૈભવ :** પ્રભુદાસ તારાચંદ કામદાર હ. હર્ષદભાઈ

**નૂતન દિગંબર જિનબિમ્બ પ્રતિષ્ઠા : ૧. શ્રી સીમંધરસ્વામી ચૌમુખી પ્રતિમા :** નિર્માણમૂલ્ય–શ્રી કિરણભાઈ હરખચંદભાઈ શાહ, નાયરોબી, પ્રતિષ્ઠા : શ્રી રતિલાલ ભુરાલાલ દેસાઈ-પરિવાર હ. ઝવેરીબેન, ભૂપેન્દ્રભાઈ, વિરેન્દ્રભાઈ, દિનેશભાઈ તથા ભદ્રેશભાઈ. **આચાર્ય ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવની સમવસરણ સ્થિત પ્રતિમા :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી સવિતાબેન હરીલાલ દોશી-પરિવાર

**વીસ વિહરમાન : ૧. શ્રી સીમંધરસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી જ્યોત્સનાબેન વિનયકાન્ત નટવરલાલ શાહ, અમેરિકા, પ્રતિષ્ઠા : શ્રી વિરાટભાઈ મોહનલાલ વોરા **૨. શ્રી યુગમંધરસ્વામી :**

નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી યોગેશભાઈ દામોદરદાસ મોદી હ. પ્રભાબેન, શીલાબેન, ચિદ્રૂપ તથા જિનેન્દ્રા **૩. શ્રી બાહુસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી મયાભાઈ જેશીંગભાઈ શાહ **૪. શ્રી સુબાહુસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી કાન્તિલાલ વાડીલાલ શાહ, પ્રતિષ્ઠા : શ્રી વિમળાબેન સારાભાઈ શાહ-પરિવાર **૫. શ્રી સંજાતકસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી કમલેશભાઈ હરીલાલ શાહ, પ્રતિષ્ઠા : શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા-પરિવાર **૬. શ્રી સ્વયંપ્રભસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી અમૃતલાલ મલૂકચંદ શાહ-પરિવાર **૭. શ્રી ૠષભાનનસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર, જલગાંવ **૮. શ્રી અનંતવીર્યસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી રમેશચંદ્ર નારણદાસ શાહ, સુરેન્દ્રનગર, પ્રતિષ્ઠા : શ્રી કાન્તાબેન અનોપચંદ ખારા હ. મધુરભાઈ મહેતા **૯. શ્રી સુરપ્રભસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી મરઘાબેન મગનલાલ પારેખ હ. પુષ્પાબેન લોગાની કેનેડા, પ્રતિષ્ઠા : શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર હ. નેમીષભાઈ તથા કેતનભાઈ **૧૦. શ્રી વિશાલકીર્તિસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી જયંતીલાલ નાગરદાસ ગાંધી, પ્રતિષ્ઠા : શ્રી ધીરજબેન ચંદુલાલ સંઘવી-પરિવાર **૧૧. શ્રી વ્રજધરસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પ્રતિષ્ઠા : શ્રી એક મુમુક્ષુ હ. સુધીરભાઈ મોદી અમેરિકા **૧૨. શ્રી ચંદ્રાનનસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ **૧૩. શ્રી ચંદ્રબાહુસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી લાભુબેન રમણિકલાલ ગોસલીયા, પ્રતિષ્ઠા : સરોજબેન નગીનદાસ અજમેરા **૧૪. શ્રી ભુજંગમસ્વામી :** નિર્માણમૂલ્ય શ્રી ચંદનબેન મનસુખલાલ શેઠ હ. મુકેશભાઈ તથા બ્ર. પ્રેમીલાબેન, પ્રતિષ્ઠા : શ્રી ચુનીલાલ જીવણદાસ દોશી હ. વિનોદભાઈ **૧૫. શ્રી ઈશ્વરસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી જયાબેન જયંતીલાલ દોશી-પરિવાર **૧૬. શ્રી નેમપ્રભસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી હરગોવિંદદાસ લાલચંદ ગોપાણી-પરિવાર હ. મહેન્દ્રભાઈ **૧૭. શ્રી વીરસેનસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી કાન્તીલાલ નરોત્તમદાસ કામદાર-પરિવાર હ. જ્યોતિબેન, પ્રતિષ્ઠા : શ્રી લક્ષ્મીચંદ ફૂલચંદ શાહ-પરિવાર હ. મહેન્દ્રભાઈ **૧૮. શ્રી મહાભદ્રસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : ડૉ. સ્મિતાબેન શાહ તથા ડૉ. ભરતભાઈ જે. શાહ હ. સુજય તથા રિદ્ધિ **૧૯. શ્રી દેવયશસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી પ્રભુદાસ તારાચંદ કામદાર હ. હર્ષદભાઈ **૨૦. શ્રી અજિતવીર્યસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી કનુભાઈ લક્ષ્મીચંદ શાહ **૧. શ્રી આદિનાથ ભગવાન (પંચધાતુના) :** નિર્માણમૂલ્ય : બ્ર. તરુબેન, બ્ર. નીલાબેન તથા બ્ર. ગુણીબેન, પ્રતિષ્ઠા : શ્રી હિંમતલાલ હરજીવનદાસ શાહ તથા સંદીપભાઈ કાપડીયા **૨. શ્રી સિદ્ધ ભગવાન :** નિર્માણમૂલ્ય : શ્રી ચીમનલાલ પ્રેમજીભાઈ ગોસલીયા-પરિવાર, પ્રતિષ્ઠા : શ્રી પારુલબેન તુષારભાઈ દોશી.

(૧) **મંદિરનો કલશારોહણ :** જયાબેન કેશવલાલ માણકચંદ શાહ નાઈરોબી તથા કસ્તુરબેન કેશવલાલ વીરપાલ શાહ નાયરોબી (૨) **મંદિરનો ધ્વજારોહણ :** મનહરલાલ ધીરજલાલ શાહ હ. ગિરીષભાઈ તથા દિનેશભાઈ. **લીફ્ટ :** સ્વ. મનુભાઈ પ્રેમચંદ શાહ પરિવાર તરફથી હ. ઈન્દુબેન (ચોરીવાડનિવાસી હાલ મુંબઈ)

આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર–પ્રતાપથી તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના શુભ આશીર્વાદથી આ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક અતિ ભવ્યતાથી ઉજવાયો. સર્વે મુમુક્ષુઓએ પોતાની શક્તિ–અનુસાર ધનવ્યય પણ ઘણા જ આનંદોત્સાહપૂર્વક કર્યો છે.

અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રીનો લોકોત્તર પ્રભાવના–ઉદય!!

## * ધર્મપ્રભાવનાના આધારસ્તંભ *

અહો! અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાનુભવપ્રમુખ અધ્યાત્મ વિદ્યાના લોકોત્તર યુગનું મંગલ પ્રવર્તન તો કર્યું જ, પરંતુ એની સાથે સાથે સાધકને ભૂમિકાને અનુરૂપ આવનારી વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુની અપાર મહિમા પણ સુચારુતાથી સમજાવી! સ્વાનુભવ-વિભૂષિત પૂજ્ય બહેનશ્રીએ સાચુ જ કહ્યું છે કે—''પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી સાધક જીવ અંતરમાં નિજ ચૈતન્ય ભગવાનને તથા બહારમાં વીતરાગ દેવ–શાસ્ત્ર–ગુરુને સાથે જ રાખે છે. આપણને આવાં વીતરાગ દેવ–શાસ્ત્ર–ગુરુનું સાંનિધ્ય મળ્યું એના જેવું બીજું કોઈ પુણ્ય નથી. એમની સમીપમાં સ્વાનુભૂતિ થાય, એની વૃદ્ધિ થાય તથા પૂર્ણતા થાય, બસ આ જ એક કરવા જેવું છે. તે જ જીવન જીવવું સાર્થક છે.'' અહો! નિશ્ચય-વ્યવહારની સંધિવાળી જેમની એવી સાધના સદા પ્રવર્તમાન વર્તતી હતી અને જેમનો ધર્મોપકાર મુમુક્ષુઓને નિશ્ચય–વ્યવહારના સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન તરફ લઈ જાય છે એવા આપણા પરમ–તારણહાર વીતરાગ જિનધર્મપ્રભાવનાના પ્રમુખ આધારસ્તંભ, પરમોપકારી બંને સંતોને (પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને) અત્યંત ભક્તિપૂર્ણ પ્રણામ.

અહો! જયવંત વર્તો શ્રી જિનબિમ્બ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અને એ બંનેનો શ્રેયોવર્ધક મંગલકારી પ્રભાવના-ઉદય!!

અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો
જિન–કુંદ–ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુકહાનનો.
—અહો! ભગવતી માતનો

—ઇતિ શુભં ભૂયાત્

*

શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, અમદાવાદ(ખાડિયા)ના સૌજન્યથી આત્મધર્મનો આ અંક પ્રકાશિત કરવામાં આવેલ છે.

## મોક્ષમાર્ગનો અગ્રણી કોણ ?

સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૭૦મા સમ્યક્ત્વજયંતીના મંગલ મહોત્સવ પ્રસંગે તા. ૬-૪-૨૦૦૨ના રોજ રાત્રે નાઈરોબીના શ્રી શ્રેયસ રાજા દ્વારા તૈયાર કરેલ 'મોક્ષમાર્ગનો અગ્રણી કોણ ?' નામના કોમ્પ્યુટર પાવર પોઈન્ટ પ્રોજેક્ટરની મદદ વડે નવા જ પ્રકારના જ્ઞાન સાથે ગમ્મત આપતા ધાર્મિક 'ગેઈમ શો'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ગેઈમ શોમાં સમ્યગ્દર્શનના વિષયને સંબંધિત પંચપરમાગમ શાસ્ત્રની ગાથાઓ, તેની વ્યાખ્યાઓ વગેરેમાંથી તેમ જ પૂજ્ય બહેનશ્રીનું જીવનચરિત્ર, બહેનશ્રીનાં વચનામૃતના જાણીતા બોલો અને 'બહેનશ્રીનો જ્ઞાનવૈભ'ના આધારે તૈયાર કરાયેલ હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા અગાઉથી તૈયારી કરીને આવવા સર્વે મુમુક્ષુઓને વિનંતી છે.

ભાગ લેવા ઈચ્છનાર હરીફોમાંથી કુલ ૧૨ હરીફો પસંદ કરવામાં આવશે. તેઓ દરેકને વારાફરતી ચાર રાઉન્ડમાં ચાર વખત પ્રશ્નો પૂછવામાં આવશે. જેમાંથી ઓછામાં ઓછા બે પ્રશ્નોના સાચા જવાબ આપનારને પાંચમા રાઉન્ડમાં પ્રવેશ મળશે. આ રીતે ત્રણ હરીફો બાકી રહે ત્યાં સુધી આ ગેઈમ ચાલશે. ત્રણ વિજેતાઓ રત્નત્રયનું બિરુદ મેળવશે, તથા ઈનામ પ્રાપ્ત કરશે. આ ત્રણ વિજેતાઓને છઠ્ઠા રાઉન્ડમાં દરેકને પાંચ-પાંચ ત્વરીત પ્રશ્નો પૂછવામાં આવશે. જે વધુ પ્રશ્નોના સાચા જવાબો આપશે તેને 'મોક્ષમાર્ગનો અગ્રણી' જાહેર કરવામાં આવશે.

*

## સુવર્ણપુરી સમાચાર :--

**માનસ્તંભ-પ્રતિષ્ઠાદિન :** તા. ૨૨-૪-૨૦૦૨, સોમવારે, સોનગઢના શ્રી સીમંધર-માનસ્તંભનો ૫૦મો વાર્ષિકદિન પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

### મહાવીરજયંતી/કહાનગુરુ-સંપ્રદાય પરિવર્તનદિન

તા. ૨૫-૪-૨૦૦૨, ગુરુવારે ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તથા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂ. બહેનશ્રી ચંપાબેનનો ૭૦મો

# ❁ સમ્યક્ત્વજયંતી-મહોત્સવ ❁

**(તા. ૩-૪-૨૦૦૨ થી તા. ૭-૪-૨૦૦૨)**

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૦મો વાર્ષિક સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ-૧૦) અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં આનંદોલ્લાસપૂર્વક તા. ૩-૪-૨૦૦૨, બુધવારથી તા. ૭-૪-૨૦૦૨, રવિવાર—પાંચ દિવસ સુધી નીચેના કાર્યક્રમ પ્રમાણે ઊજવવામાં આવશે.

| | |
|---|---|
| સવારનાં ૫-૪૫ | પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને ઓડિયો તત્ત્વચર્ચા |
| સવારનાં ૭-૩૦ થી ૮-૩૦ | શ્રી ચૌસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પરમાગમમંદિરમાં |
| સવારનાં ૮-૪૫ થી ૯-૪૫ | શ્રી સમયસાર/બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન |
| સવારનાં ૯-૪૫ થી ૧૦-૧૫ | પ્રાસંગિક જાહેરાત તથા પૂ. બહેનશ્રીની ભક્તિ |
| સવારનાં ૧૦-૧૫ થી ૧૧-૧૫ | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરનાં ૩-૦૦ થી ૪-૦૦ | શાસ્ત્ર-પ્રવચન |
| સાંજે ૪-૦૦ થી ૪-૪૫ | પૂ. બહેનશ્રીની નિત્યક્રમની સ્તુતિ પછી જિનેન્દ્રભક્તિ પરમાગમમંદિરમાં |
| સાંજે ૫-૦૦ થી ૫-૪૫ | ધાર્મિક શિક્ષણવર્ગ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન (મોટા વીડિયો સ્ક્રિન ઉપર) |
| રાત્રે ૯-૦૦ થી ૯-૩૦ | પૂ. ગુરુદેવની તીર્થયાત્રા તથા બહેનશ્રીની તત્ત્વચર્ચા (મોટા સ્ક્રીન ઉપર) |

**એ ઉપરાંત વિશેષ કાર્યક્રમ,**

**તા. ૫-૪-૨૦૦૨ શુક્રવાર** સાંજે ૬-૩૦ થી ૭-૩૦ શ્રી સરોજબેન પ્રફુલ્લભાઈ રાજાના નિવાસસ્થાને (કહાન આશીર્વાદ) સાંજી (ભક્તિ). **તા. ૬-૪-૨૦૦૨ શનિવાર** સવારે ૮-૩૦ થી ૯-૧૫ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૩મી જન્મજયંતીની કુમકુમ પત્રિકાનું શ્રી મહેન્દ્રભાઈ સુંદરજી વારીઆના નિવાસસ્થાનેથી વાજતે-ગાજતે સ્વાધ્યાયમંદિરમાં આગમન, ૯-૧૫ થી ૧૦-૧૫ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન, ૧૦-૧૫ થી ૧૧-૦૦ જાહેરાત, પૂજ્ય બહેનશ્રીની ભક્તિ, ૧૧-૦૦ કુમકુમપત્રિકા વાંચન-લેખન વિધિ તથા ગુરુભક્તિ, સાંજે ૭-૦૦ જિનમંદિરોમાં આરતી, રાત્રે ૮-૪૫ થી ૧૦-૦૦ **'મોક્ષમાર્ગનો અગ્રણી કોણ?'** (ધાર્મિક 'ગેઈમ શો'). **તા. ૭-૪-૨૦૦૨, રવિવાર** સવારના ૯-૪૫ થી ૧૦-૪૫ પ્રાસંગિક જાહેરાત, પૂજ્ય બહેનશ્રીની ભક્તિ તથા આરતીની ઉછામણી, ૧૦-૪૫ થી.... પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને, 'ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ'માં સમૂહ-દર્શન, સાંજે ૭-૧૫ થી....જિનમંદિરોમાં આરતી.

**આ મહોત્સવમાં સર્વ મુમુક્ષુઓને પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.**

*નિમંત્રક :*

***પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા-પરિવાર, નૈરોબી***

❁

## ● અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈ ●

અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈ; મેરે દોષ ગ્રહણ કરકે જિન જીવોંકો હર્ષ હોતા હૈ, તો મુઝે યહી લાભ હૈ કિ મૈં ઉનકો સુખકા કારણ હુઆ, ઐસા મનમેં વિચારકર ગુસ્સા છોડો.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, કળશ-૧૮૬)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334
પ્રત : ૫૪૦૦

170